ગાંધીનગર સમાચાર

તા. ૫-૧-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રજાને ગેરમાર્ગે દોરતું મીડિયા

અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી બન્યા પછી લુટિયનવાળી નવી દિલ્હીમાં નિવાસ સ્થાન સ્વીકાર્યું અને સરકારી ગાડીમાં હરવા ફરવાનું નક્કી કર્યું એ જાણે મોટું પાપ કરી દીધું હોય એમ મીડિયા એમની પાછળ પડી ગયું છે. આખો દિવસ બીજું કશું કામ જ ન હોય એમ જાણીતી ચેનલોએ ભગવાનદાસ માર્ગ ઉપરનું મુખ્યમંત્રીનું નવું મકાન જ બતાવ્યા કર્યું. આ માર્ગ ઉપર આવેલાં ડુપ્લેક્સ મકાનો માટે 'ફ્લેટ' શબ્દ વપરાય છે. કેજરીવાલ ચૂંટણી વખતે કહ્યું હતું કે અમે સરકારના લક્ઝુરિયસ બંગલાને બદલે ફ્લેટમાં રહીશું અને લાલ લાઈટ વગરની સાદી ગાડી વાપરીશું. વિધાનસભામાં વિરોધપક્ષે બેઠેલા ભાજપના નેતા ડો. હર્ષવર્ધને આ પ્રશ્ન ઉઠાવીને આમ આદમી પાર્ટીના નેતા સત્તા મળતાં વેંત 'ખાસ આદમી' (વીઆઈપી) બની ગયા હોવાની વાહિયાત દલીલ કરી, એને પણ મીડિયાએ વારંવાર પ્રસારિત કરી. શું કેજરીવાલ એમના કૌશાંબી ખાતે આવેલા મકાનમાં રહીને દિલ્હીનો વહીવટ ચલાવવાના હતા? કૌશાંબી દિલ્હીની ગાઝિયાબાદ સરહદે આવેલો વિસ્તાર છે. તદ્દન કોમન સેન્સનો સવાલ છે કે મુખ્યમંત્રી અને એના મંત્રીમંડળના સાથીઓને નિયમ મુજબ સરકારી મકાન મળે. કેજરીવાલે શીલા દીક્ષિતને આવંટિ થયેલો મોટો બંગલો સ્વીકારવાને બદલે અધિકારી કક્ષાના બે ફ્લેટ માટેની માગણી મૂકી, જેમાં એ રહી શકે અને કાર્યાલય ચલાવી શકે. આ કોઈ અઘટિત કે વધારે પડતી માગણી ન જ ગણાય. પરંતુ છિદ્રો શોધવા બેબાકળા બનેલી ભારતીય જનતા પાર્ટીએ શોધી શોધીને નવા મુખ્યમંત્રીનું સરનામું શોધ્યું અને મીડિયાએ એને ચગાવવામાં કોઈ કસર ન રાખી. સરકારી વાહન રાખવાના મુદ્દે પણ ટીકાટિપ્પણી થઈ. કેજર મંત્રી મંડળનાં યુવા સદસ્ય રાખી બિરલાએ કહ્યું કે સરકારી મકાન અને સરકારી ગાડી શું કામ ન વાપરીએ? અમે લાલ લાઈટવાળી વીઆઈપી સંસ્કૃતિની વિરુદ્ધ છીએ, પરંતુ પ્રજાની સેવા કાંઈ ઘરનાં ગોપીચંદન ઘસીને થોડી કરી શકાશે? એ માટેની 'મિનિમમ'- અલ્પતમ સુવિધાઓ તો લેવી જ રહી. ભાજપ જેમને પોતાના આદર્શ ગણાવે છે તે નરેન્દ્ર મોદીનો વૈભવ શું એના નેતાઓની આંખે ચડ્યો જ નહીં હોય? સાવ જ વાહિયાત દલીલો કરી નવી સરકાર વિશે ભ્રામક ગેરસમજ ઊભી કરવાના ભાજપના કારસા દિલ્હીની પ્રજા સમજે નહીં એટલી ભોળી નથી. ઊલટાના ભાજપના નેતાઓ આવી વાતો કરીને એમના પોતાના નેતાઓની જાંઘ ઉઘાડી કરવાની કેજરીવાલ મંડળીને તક આપી રહ્યા છે. અટલબિહારી વાજપેયીથી લઈ નરેન્દ્ર મોદી સુધીના એમના નેતાઓ ભવ્ય સરકારી આવાસો ભોગવી રહ્યા છે. અડવાણીનો પૃથ્વીરાજ રોડ ઉપર આવેલો બંગલો કે ભાજપ મુખ્યમંત્રીઓના એમના રાજધાનીઓમાં આવેલાં ભવ્ય નિવાસ સ્થાનો વિશે મીડિયા ચૂપ કેમ છે? શું આ કેજરીવાલની 'આપ' પાર્ટીને બદનામ કરવાનો ભાજપ પ્રેરિત સ્પોન્સર્ડ પ્રોગ્રામ છે? પ્રજાની નજરમાં ટકવું હોય તો મીડિયાએ પણ આવા વાહિયાત વિતંડાવાદથી બચવું જોઈએ.

# રાષ્ટ્રીય એકતા કેમ્પમાં ભાગ લેવા આજે અલગ અલગ રાજ્યોના ૨૫૦ યુવા પ્રતિનિધિઓ પધારશે

## વિવિધતામાં એકતા સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરશે

ગાંધીનગર, તા. ૪

નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગર અને ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય પ્રેરિત આજથી તા. ૮ જાન્યુઆરી સુધી રાષ્ટ્રીય એકતા કેમ્પ યોજાશે.

આજથી બલરામ મંદિર સે. ૧૨ ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા કેમ્પમાં દેશના અલગ રાજ્યોના ૨૫૦ જેટલા યુવા અને કલા સંસ્થાના પ્રતિનિધિઓ પધારશે.

રાષ્ટ્રીય એકતા કેમ્પનો મુખ્ય હેતુ વિવિધતામાં એકતા પ્રસરાવવાનો છે. જે અંતર્ગત યુવા પ્રતિનિધિઓ, સામાજીક સદ્‌ભાવના, સાંસ્કૃતિક આદાન પ્રદાન, સમુહજીવન વિશેનું મહત્વ સમાજાવશે. દરમ્યાન રમત-ગમત સ્પર્ધાઓ, પરિસંવાદ, રાષ્ટ્રિય એકતા યુવા રેલી, દેશ ભક્તિનું ગુંજન સહિતના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

રાષ્ટ્રિય એકતા કેમ્પનો શુભારંભ તા. ૫ જાન્યુઆરીના રોજ સંજયપ્રસાદ આઈ.એ.એસ. સેક્રેટરી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે પી. સ્વરૂપ કલેકટર, ગાંધીનગર, શ્રીમતી હિનાબેન પટેલ પ્રમુખ જિ.પં. ગાંધીનગર, અશોકભાઈ પટેલ ધારાસભ્ય, ભાવેશ એરડા નાયબ સચિવ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર અને મનપા ગાંધીનગર દ્વારા તા. ૬ જાન્યુઆરી રાત્રે ૮.૦૦ કલાકે ડૉ. આંબેડકર હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર-૧ ૩માં જિલ્લામાંય ૬૦ જેટલા યુવાનો જમ્મુ-કાશ્મીર, લખનૌ અને જયપુર ખાતે યોજાયેલ કેમ્પમાં ભાગ લેવા ગયા હતા. જેમણે ગુજરાતની કલા સંસ્કૃતિને ઉજાગર કરી હતી.

## હરિની દૃષ્ટિ...




*બહેન, આ અમારી નવી પ્રોડક્ટ લઇ જાવ, કચરો આમાં ભરી ગમે ત્યાં ફેકી દો..., તમારું ઘર અને મ્યુનિસિપલ કોર્પોરેશન બંને સારું લાગશે...!!*



આદર્શ નિવાસી શાળા (વિ.જા. કુમાર) સે-૮ ખાતે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના ૩૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ સ્થાને મેહુલ ડોડિયા, બીજા સ્થાને જસમત કુકડિયા અન ત્રીજા સ્થાને મુકેશ બારૈયાને વિજેતા જાહેર કરાયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને જિલ્લા નાયબ નિયામક ગુરૂન્ગ સાહેબ અને શિક્ષિકા નયનાબેન ઠાકોરે અભિનંદન આપ્યા હતાં.

## પીએચ.ડી. થયા

ભાસ્કરાચાર્ય ઈસ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જિઓઈફોર્મેટીક્સનાં પ્રોજેક્ટ મેનેજર, મનોજ જે. પંડ્યાએ ડૉ. બ્રિજેન્દ્ર અગ્રવાલ, ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વડુનાં માર્ગદર્શન હેઠળ કોમ્પ્યુટર સાયંસ એન્ડ એપ્લિકેશનની વિદ્યાશાખામાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરમાંથી ''GEO-INFORMATICS: A SCALABLE PROTOTYPE DECISION SUPPORT SYSTEM FOR DISATER MANAGEMENT'' વિષય ઉપર મહાનિબંધ તૈયાર કરી, પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. પરીવારજનો તથા સ્નેહીજનો તરફથી હાર્દિક શુભેચ્છા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## પીએચ.ડી. થયા

શ્રીમતિ શીતલ આર. પૂંજાણીએ ડૉ. ભરતભાઈ જેઠવાના માર્ગદર્શન હેઠળ પ્રાણીશાસ્ત્ર વિદ્યાશાખામાં M.J.R.P. યુનિવર્સિટી, જયપુરમાંથી 'MORPHOPHYSIOLOGY OF RADIATION INDUCED LENTICULAR OPACITY'' વિષય ઉપર મહાનિબંધ તૈયાર કરી, પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. પરીવારજનો તથા સ્નેહીજનો તરફથી હાર્દિક શુભેચ્છા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવેલ છે.

# ચૌધરી મહિલા કોલેજ ખાતે પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દી વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૪

સે. ૭ ખાતે આવેલી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે પ્લેસમેન્ટ સેલ અને ઉદીશા ક્લબ દ્વારા 'માસ કોમ્યુનિકેશન અને પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દી' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

શહેરના સે. ૭માં આવેલી મહિલા કોલેજ ખાતે વિદ્યાર્થીઓને સ્નાતક થયા પછી શું કરવું તેવા પ્રશ્નોની સમસ્યા થતી હોય છે. ઘણા બધા વિદ્યાર્થીઓ ઘેટા-બકરાની જેમ લાઈનમાં ચાલ્યા જતા હોય છે. ત્યારે સ્નાતક પછી વિદ્યાર્થીઓ પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દી બનાવવાના હેતુસર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ માસ કોમ્પ્યુનેશન એન્ડ જર્નાલિઝમ કોલેજ અમદાવાદના સહયોગથી યોજાયેલ વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દી બનાવવા વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. વ્યાખ્યાનમાં ડૉ. એન.કે. પટેલ, પ્રા. પ્રતિમા છનિયારા, પ્રા. હેમાંગીની વાઘેલા, કોલેજ આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યાહુ ફનફેર કોમ્પ્યુટીશન યોજાશે

ગાંધીનગર, તા. ૪

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ યાહૂ-૨૦૧૪ આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિ તથા સ્પર્ધાત્મકને પ્રોત્સાહન આપવા હેતુથી કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એ.એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા તા. ૪-૧-અને ૫-૧-૨૦૧૪ના રોજ યાહૂ ફન ફેર ૨૦૧૪ તથા ઈંટર ક્લાસ કોમ્પીટીશનનું આયોજન બપોરે ૩.૦૦ થી સાંજના ૭.૦૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

કોલેજના એફ.વાય., એસ.વાય. અને ટી.વાય.બિકોમ.માં ભણતા વિદ્યાર્થીઓ આ તારીખોના રોજ યોજાનાર વિવિધ સ્પર્ધાઓ જેવી કે કોમેડી ડાન્સ, ઈનોવેશન, થીમ બેઈસ સ્ટોરી, ગ્રુપ ડાન્સ, ટ્રેડીશનલ ફોલ્ક ડાંસ અને ચોઈસ ઈવેન્ટ વગેરેમાં ભાગ લેશે. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એક જ જગ્યાએ નાસ્તાના વિવિધ સ્ટોલ્સ દ્વારા સંવાદ સાધિ શકે અને ખાસ કરીને વિદ્યાર્થીઓ આ પ્રકારના અનુભવ થકી વાણીજ્ય અને સંચાલનના સિદ્ધાંતો શીખી શકે તે હેતુથી આ ફન ફેરનું આયોજન કરવામાં આવ્યં છું.

# પુસ્તક પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તકોની સમાજમાં અગત્યતા, પુસ્તકો દ્વારા સર્વાંગિક વિકાસ અને સમાજની સુધારણામાં પુસ્તકોનું યોગદાન હંમેશા અગ્રેસર રહ્યું છે, ત્યારે આ પુસ્તકોને લોકો તરફ લઈ જવાનો શાળા દ્વારા સનિષ્ઠ પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રદર્શનનો વિદ્યાર્થીઓ, શિક્ષકમિત્રો તથા વાલી ગણે લાભ લીધો હતો.

પુસ્તક પ્રદર્શનમાં અનેક વિષયોના પુસ્તકોનું પ્રદર્શન કરાયું હતું. જેમાં ગુજરાતી સાહિત્ય, વ્યક્તિ વિશેષ. વ્યક્તિ વિકાસને લગતા પુસ્તકો, વિશ્વ અને ભારતીય ઈતિહાસ-ભૂગોળ અને ધાર્મિક, સામાજિક અને આર્થિક બાબતોને દર્શાવતા પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પુસ્તકોની સાથે વિવિધ સામયિકોનું પણ પ્રદર્શન યોજાયું હતું. જેમાં લેટેસ્ટ ફેક્સ ઈન જનરલ નોલેજ, અભિયાન, ચિત્રલેખા અને અન્ય સામયિકોના સુંદર અંકો મુકાયા હતા.

પુસ્તક વાંચન પ્રત્યે વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકોમાં રસ-રૂચિ વધે, ગ્રંથાલય તરફ આકર્ષણ વધે તેવા ઉદ્દેશથી શાળા દ્વારા વિવિધ વેશભૂષાઓ દ્વારા ઈતિહાસના વિવિધ વ્યક્તિત્વોને દર્શાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના લાઈબ્રેરીયન બહેનશ્રી રમિલાબેન પટેલ તથા તમામ સ્ટાફ મિત્રોએ ખૂબજ જહેમત ઉઠાવી, પુસ્તકોને વિવિધ વિભાગમાં વિભાજીત કરીને તેની જવાબદારી જે તે શિક્ષક તથા તેમની સાથે વિદ્યાર્થીઓને સોંપવામાં આવી. આ તમામને સંસ્થાના ચેરમેનશ્રી તથા શાળાના આચાર્યશ્રીએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# બીપીએલ કાર્ડ ધારકોને સહાયમાં ઘટાડો કરાયો

કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી ગુલામ નબી આઝાદે આજે દેશના બીપીએલ કાર્ડ ધરાવતા દર્દીઓને હાર્ટ, લીવર, કીડની અને કેન્સર જેવી ગંભીર બિમારીના ઈલાજ માટે કેન્દ્ર સરકાર દ્વારા સ્વાસ્થ્ય મંત્રી સ્કીમ હેઠળ અગાઉ રૂા. ૨૦ લાખની સહાય કરવામાં આવતી હતી પરંતુ હાલમાં કેનદ્રની આર્થિક હાલત સારી ન હોવાથી છેલ્લા કેટલાંક સમયથી આ રકમ ઘટાડીને રૂા. ૧૦ લાખ કરી દેવામાં આવી છે. જો કે આ તબક્કે તેમણે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની અનેક વિધિ યોજનાઓ દ્વારા ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને મહિલાઓને સરકારી હોસ્પિટલોમાં અદ્યતન સારવાર અપાઈ રહી હોવાનો પણ દાવો કર્યો હતો અને કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારોને પણ નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ જંગી સહાય કરવામાં આવી હોવાના આંકડા પણ રજુ કર્યા હતા.


# શિયાળો અને સ્ફૂર્તિ : બાય વન... ગેટ વન ફ્રી !!!

ચીરા પડી ગયેલા હાથ, પગ, ગાલ કે હોઠ પર લીલું વેસેલીન લગાડીને ફળિયામાં આવતા કે ગામના કોઈ કાચા ઘરની પછીતે પથરાતા કુણા કુણા તડકામાં કોથળો પાથરી, વાંદરા ટોપી કે મફલરથી ખાલી આંખો દેખાય એમ માથું ઢાંકીને અને ઉપર મુશ્કેટાટ શાલ વીટીને વિદ્યા (બાલન નહિ બે !!) આવી ગયેલી પાટીમાં (સ્લેટ-યુ નો) આખે આખા લાલચોળ કે રતુંબડા થઈ જવાય ત્યાં સુધી લેશન યાનીકી હોમવર્ક કરવાના દ્રશ્યો દર શિયાળે માનસપટ પર છવાય જાય છે. દર શિયાળે સવારના પહોરમાં વર્તમાનપત્રના મથાળે લખાતા પારો ગગડવાના સમાચારો વાચીને મન બેકફૂટ કૂદતું કૂદતું શરૂઆતમાં લખ્યું એવી યાદોથી શૈશવમાં ખોવાય જાય છે અને જયારે હજારેક રૂપિયા ખર્ચીને લીધેલા જેકેટની અંદર ઢબુરાઈને સવારના ૮ વાગ્યામાં આવી લકઝરીયસ અને આહલાદક ઠંડીનો અનુભવ કર્યા વગર ઓફીસ જતા હોઈએ ત્યારે માયલો ચિત્કારી ઉઠે છે 'નહિઈઈઈઈઈ... કહા ગયે વો દિન?'

હમણાં સમગ્ર ગુજરાત અને દેશ ના મોટાભાગના પ્રદેશો ખાસ કરી ને ઉતરીય રાજયોમાં કડકડતી ઠંડીનું મોજું ફરી વળ્યું. દેશમાં ઘણી જગ્યાએ તાપમાન શૂન્યથી પણ નીચું ગયું તો ગુજરાતમાં પણ ૪ ડીગ્રી સુધી ની ઠંડી નોંધાઈ. આપણા ગાંધીનગર માં સતત એક સપ્તાહ સુધી તાપમાનનો પારો નીચે ગગડતો રહ્યો. જો કે ગ્રીન સીટી ગાંધીનગર ને ઠંડી ની નવાઈ નથી જ. આમ તો ગ્લોબલ વેધર ચેન્જીસના કાળમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. અચાનક ગરમી કે અચાનક ઠંડી કે વરસાદ એ હવે સમગ્ર વિશ્વ માટે આમ વાત બનતી જાય છે. કારતક, માગશર, પોષ અને મહા આ ચાર શિયાળાના મહિનાઓ ગણાય છે પણ બદલાતા વાતાવરણમાં એકાદ મહિનો કે છૂટક છૂટક અને કટકે કટકે જે પણ થોડા ઘણા દિવસો કાતિલ ઠંડી પડે એ જ હવે તો શિયાળો ગણવો રહ્યો. કારણ કે જે રીતે સતત અને કાતિલ ઠંડીનો દોર અગાઉના સમયમાં આવતો હતો એવો હવે આવવો બહુ ઓછો થઈ ગયો છે. 'પહેલા જેવી ઠંડી પણ ક્યાં પડે છે?' આવી હૈયાવરાળો કાઢનારાઓ ની વાત માં દમ છે.

શિયાળો... અહા !!!! આમ તો કહેવાય છે કે ઉનાળો જોગીનો, ચોમાસું રોગીનું અને શિયાળો ભોગીનો પણ આમાં શિયાળા માટે થોડું આગળ વધી ને એમ પણ કહી શકાય કે શિયાળો છે તંદુરસ્તીનો, શિયાળો છે તરવરાટનો, શિયાળો છે તાઝગીનો, અને એનું કારણ છે કે શિયાળામાં ભૂખ વધુ લાગે. શિયાળામાં ખવાય વધુ. શરીરનો પાચક રસ ઉફાળા મારતો હોય અને સુકા હવામાનને લીધે ખવાય જાય વધુ અને કુદરતી કર્મ મુજબ એ બધું જ પચી પણ જાય. શિયાળામાં ખોરાકનો લુત્ફ ઉઠાવવા માટે એમ કહેવાય છે કે 'શિયાળા માં ખાવાની બાબત માં બકરી બની જવુ'. જેમ બકરી આવળ-બાવળને આંબલી બધું જ ખાય જાય એવી જ રીતે શિયાળામાં ગમે તે ખાવ અને ગમે તેટલું ખાવ અંતે તો ફાયદા માં શરીર જ રહેશે. શિયાળો એટલે શક્તિ એકઠી કરવાનો સમય. વર્ષના બાકીના દિવસો માં કરવી પડનારી ભાગદોડ માટે ઉર્જા સંચય કરવાનો સમય . તાઝામાઝા ને તંદુરસ્ત થવાનો સમય. આમ તો શિયાળો બે પરસ્પર વિરોધાભાસી ગુણો ધરાવે છે. શીયાળા માં તબિયત બનાવી પણ શકાય છે અને ઘણા એને તબિયત ઉતારવાના કામ માં પણ લે છે. (ઈટ મીન્સ...ચરબી ઉતારવી ..!!!). ઘણા શિયાળામાં વહેલા ઉઠી ને દોડવા કે ચાલવા નીકળી પડે છે તો ઘણા રજાઈ કે ગોદડા નીચે ઘસઘસાટ ઊંઘ માં કેટલાય કિલોમીટર ચાલી નાખે છે ઉપ્પસ્સ્સ આઈ મીન ઘી નાખે છે. ઘણા માટે શિયાળો એટલે ફક્ત ને ફક્ત ખાવા ખાવા અને ખાવા માટેની જ ઋતુ તો ઘણા માટે ખા ખા કર્યા કરવાથી મળતી બીમારી માં ગોળીઓ ખા ખા કરવાની પણ ઋતુ છે. જો કે આ છેલ્લી સમાનતા કે વિષમતા માટે એટલું જ કહી શકાય કે 'અતિ સર્વત્ર વ્રજયતે'!!!

બારી બારણા બંધ કરી ને સ્વેટર કે જેકેટ - શાલ માં કે પથારી માં રજાઈ કે ગોદડા નીચે સંતાવાની ઋતુ નથી શિયાળો. આ તો છે વર્ષમાં એક જ વાર આવતો સ્ફૂર્તિ મહોત્સવ. જી હા .... શિયાળા ની એક બહેનપણી છે સ્ફૂર્તિ. આ બંને બહેનપણીઓ હમેશા સાથે જ હોય. જો તમે શીયાળાને આવકારો તો સ્ફૂર્તીદેવી આપોઆપ સાથોસાથ જ આવી જાય. બાય વન ગેટ વન ફ્રી જેવું !!! કહેવાય છે ને કે 'જો સોવત હૈ વો ખોવત હૈ, જો જાગત હૈ વો પાવત હૈ' હવે આમાં જાગત કે પાવત કે ખોવત ને સોવત ને જે અર્થ માં લીધા હોય એ પણ શિયાળાની સવાર અને ઈનફેક્ટ આખા દિવસ માટે આ એકદમ સહી બેસે છે. રજાઈમાં કે સ્વેટર માં સર્જાયેલી ગરમાહટને ઉછાળી ને શિયાળા ની વહેલી સવારે (થોડી મોડી સવાર પણ ચાલે યુ નો !!) નીકળી પડો ચાલવા અને પછી જુઓ સ્ફૂર્તીદેવીનો ચમત્કાર. શિયાળાની મોસમમાં સવારે વાતાવરણ એકદમ ખુશનુમા હોય છે. વળી ઓક્સિજનનું પ્રમાણ પણ વધુ હોય છે. તથા ઓઝોનનું સ્તર પણ નીચે ઉતરે છે એય ને હળવા કે ઝડપી ડગ માંડતા જાવ અને પાન કરતા જાવ એકદમ ઓરીઝીનલ. સ્વચ્છ ને શુધ્ધ હવા ના ઘુંટડા. સવારમાં લટાર મારવાથી કે જોગીંગ કરવાથી આપણને સેન્ટ પરસેન્ટ શુદ્ધ પ્રાણવાયુ મળે છે અને ચાલવાથી શ્વસનતંત્ર પણ ઢીચાક કામ કરતુ થઈ જાય છે અને રક્તવાહિનીઓમાં આ પ્યોર વાયુનાં આગમનથી ત્વચા પણ નીખરી નીખરી રહે છે. જો કે હવે તો જોગીંગ રોજબરોજ કરનારાઓની સંખ્યા વધતી જાય છે પણ શિયાળામાં જોગીંગ કે વોકિંગ નું એક એડેડ એટ્રેકશન છે આ મહામુલો પ્યોર પ્રાણવાયુ. હરિયાળા બગીચામાં કે વૃક્ષોથી લથપથ રસ્તાઓ પર ચી ચી કરતા પક્ષીઓના મોર્નિંગ રાગા સાથે શિયાળાની સવારે ચાલતા ચાલતા ઘડું ઘડું કરતા સુરજ મહારાજ ના હુફાળા દર્શન નો લાભ જેણે નથી લીધો એનુ આ જગત માં આગમન એક ધક્કાથી વિશેષ કઈ નથી ને નથી જ. જો કે ઘણા માટે શિયાળા નો સાચો અર્થ જ ગોદડા કે રજાઈ તાણીને મોડે સુધી સુવું એવો પણ થતો હોય છે. એવા નરબંકા , શુરવીરો એ આ આખોયે પેરેગ્રાફ જતો કરવો કારણ કે એમને માટે જીસસ નું એક વાક્ય ઘવાના અર્થમાં કહી શકાય કે 'આ લોકો શું કરી રહ્યા છે એનું એમને ભાન નથી'!!! ખીખીખીખી!!!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

ખાલી સવારમાં જ ઉઘરાવેલી તંદુરસ્તીથી કામ થોડું ચાલવાનું? સવારમાં એકાદ કે બે કિલોમીટર ચાલી નાખ્યું એટલે થઈ ગયા તંદુરસ્ત? હે? ઓ હેલ્લો ...હજુ તો આખો શિયાળો ઉફ્ફ્ફ્ફ આઈ મીન શિયાળાનો આખો દિવસ બાકી છે સ્ફૂર્તિ ભેગી કરવાનો, તબિયતને તરોતાઝા કરવાનો. બજાર માં એક લટાર મારો તો લલીલાછમ્મ શાકભાજીના ઢગલા દેખાય. લીલીછમ્મ તુવેરો, ચણા, વટાણા, ગાજર કે ટમેટા તમને લલચાવે એવા સરસ મજાના કલરો ઓઢીને તમારી રાહ જોતા હોય. બનાવો ઉંધિયું ને ઉજવો શિયાળો. લીલી ડુંગળી કે લીલું લસણ ને તો જોતાવેત જ મો માં બટ્કાવી જવાનું મન થાય જ. કોથમીરના લશ ગ્રીન પાન પર નજર પડતા જ કોથમીરની પૂડીની જગ્યાએ લીંબુ - આદુ નાખીને બનાવેલી ગ્રીન ચટણીનો કટોરો દેખાવા માંડે. એય ને એકદમ તાઝા અને રસથી ભરપુર ફળોના અંબર લાગેલા હોય. સ્ટ્રોબેરી, જામફળ, પાઈનેપલ, શેરડી, સફરજન, ચેરી અને ખાસ કરીને ચમકતા સંતરા . ઉઠાવો કિલ્લોના ભાવે અને ચૂસી જાવ - ખાઈ જાવ કે જયુસ કરી ને પી જાવ. જાત જાતની અને ગુણવાન ભાજીઓ તમને લલચાવે જ. રૂટીનમાં કદાચ ખાવી નાં ગમતી આ બધી જ ભાજીઓ શિયાળામાં એકદમ સ્વાદિષ્ટ લાગે જ લાગે . અચાનક જ રસોડાની રાણી એ બનાવેલા ગાજર-આમળા, પાલક-મેથી, ક્રીમી વટાણા કે મિક્ષ ભાજીના સુપ્સ જો તમને ભાવવા માંડે તો સમજજો કે હવે શિયાળો બરાબરનો જામ્યો છે. આમાં કમાલ કિચન ક્વીનના કરકમળો જેટલી જ શિયાળાની પણ છે એ ના ભૂલશો. 'વાહ ડાર્લિંગ ... આજ ટોમેટો સૂપ પીવાની મજા પડી' જેવા શ્રીમતીજીના વખાણ કરતી વખતે એક વાર 'થેન્કયુ વિન્ટર' એમ કહેવાનું પણ ભૂલશો નહિ. અગેઈન આઈ એગ્રી કે સૂપ કે જયુસ તો હવે આ હાઈબ્રીડ વર્લ્ડમાં બારે માસ મળતા જ રહે છે પણ શિયાળાની આ ઝક્કાસ ઠંડી માં પીવાતા જયુસ કે સૂપ જેટલા એ હેલ્થી કે ટેસ્ટી નથી જ હોતા એ ચોક્કસ. જો સૂપ થી ઉપ્પ્સ થઈ જતા હો તો હાજર છે એક એક થી ચડિયાતી દેશી વાનગીઓ ઓફકોર્સ શિયાળુ વાનગીઓ જ તો. પેશ એ ખિદમત હૈ .... ગોળની ગરમ ગરમ રાબ...સાલમ પાક...ગુન્દપાક....કાળા તલનું કચરિયું ...શીંગ, દાળિયા કે મેવાથી ભરપુર ચીકી...ખજુર... ખજુરને ઘીમાં સાંતળી ને બનતો ખજુર હલવો ...સેમ ટુ સેમ લાલ ચટ્ટક ગાજરનો હલવો...અહા ચમચીએ ચમચીએ પ્યોર પોષ્ટિક. આ લીસ્ટ તો લાંબુ થઈ શકે પણ આ બધાના કિંગનો ઉલ્લેખ કર્યા વગર લીસ્ટ સંપૂર્ણ નહી જ ગણાય. અને આ બધાનો રાજા એટલે 'અડદિયા' ...યસ જાણે શિયાળાનો બ્રાંડ એમ્બેસેડર ...એના વગર શિયાળો અધુરો. વસાણાના ભરપુર ઉપયોગ અને સુકા મેવાના યમ્મી કોમ્બીનેશનથી બનતી આ રજવાડી આઈટમ વગર શિયાળાને ફટ્ટ છે. છે ને યમ્મી અને ટેસ્ટી લીસ્ટ? એની વે...શિયાળાને અને ખાવાને બહોત યારાના હૈ એટલે ખાલી ખા ખા કર્યા કરતા આવો યાદ કરીએ શિયાળાના ઠંડાગાર લમ્હે...

શિયાળો એટલે સવારમાં પત્ની દ્વારા ઉઠાડવા માટે ખેચાતા બ્લેન્કેટની રસ્સીખેચ મતલબ કે બ્લેન્કેટખેચ... શિયાળો એટલે પથારીમાં રજાઈ નીચેથી તમારા બાળકની આખોમાં વંચાતી આજીજી 'પપ્પા ...આજે સ્કુલ નથી જાવું' ...શિયાળો એટલે ખરબચડી ચામડી પર સુગંધી - ક્રીમી વેસેલીન કે કોલ્ડક્રીમને ઘસ્યા જ કરવાની મઝા... શિયાળો એટલે સ્ટાફ બસની રાહ જોતા જોતા સડકને કિનારે સળગતા બિનવારસી તાપણા પર તાપવાની જલસી... શિયાળો એટલે મોર્નિંગ વોકમાં પગ નીચેથી સરકતા જતા રસ્તા અને નજીક આવીને દુર થઈ જતા વૃક્ષોને નિહાળવાનો આનંદ ...શિયાળો એટલે સવારમાં કોઈ વૃક્ષ ઉપરથી પક્ષીઓ દ્વારા વહેતા કર્ણપ્રિય ચી ચી રાગને કાન ભરીને માણવાની મઝા... શિયાળો એટલે બાળકની સ્કુલ બસ સમયે રંગબેરંગી સ્વેટરો અને ટોપીઓ પહેરેલા ભૂલકાઓના ચહેરાઓ વાંચવાની મઝા ...શિયાળો એટલે બાજરાના રોટલા પર ઓગળીને દડદડતાં ઘી નું અદભુત દ્રશ્ય ...શિયાળો એટલે નહાવા માટે અર્ધો કલાક બાથરૂમમાં બેસ્યા પછી ખાલી હાથપગ ધોઈ ને બહાર નીકળવાની શેતાની હરકત ....શિયાળો એટલે ૧૦ રૂપિયા ના બે ગ્લાસ ભરીને નીરો પીવાનો નિત્યક્રમ ...શિયાળો એટલે ગેસ પર કે સગડી પર શેકાતા રીંગણની ખુશ્બુ...શિયાળો એટલે બાળપણમાં નદીના ઠંડાગાર પાણીમાં મારેલા ભૂસ્કાઓની યાદગીરી ...શિયાળો એટલે આમળા સાથે દોસ્તી ...શિયાળો એટલે જીમમાં વધતી ગીર્દી ...શિયાળો એટલે ભાંગતી ને ભેંકાર રાતે ઠંડીથી ઠુંઠવાતા કુતરાઓનું અરુણ્યરુદન...શિયાળો એટલે આદુ-ગોળની નાની લાડુડીઓમાં અનુભવાતી તીખાશ ...શિયાળો એટલે મોડે મોડે પથારીમાંથી બેઠો થતો સુરાજદાદો...શિયાળો એટલે ... ટુ બી કન્ટીન્યુ...!!!

*વિસામો :*

*આટલા ગુણકારી અને આરોગ્યપ્રદ શીયાળા ને આપણે જે દિવસે આનંદ,ઉત્સાહ અને ચિચિયારીઓથી બાય બાય કહીએ છીએ તે શાસ્ત્રોક્ત રીતે શિયાળાનો છેલ્લો દિવસ છે - મકરસંક્રાંતિ યાની કી ઉત્તરાયણ ...!!!*